**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૨૪/૦૩/૨૦૧૫ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા:-</u> <u>સમાચાર યાદી નં.૫૮૩/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૮૧ લીટર દેશી દારૂ, અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૬૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-</u> <u>સમાચાર યાદી નં.૫૮૪/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>ઘરફોડ :-</u> <u>સમાચાર યાદી નં.૫૮૫/૧૫</u>

**ઓઢવ** : જીજ્ઞેશભાઇ મહેન્દ્રભાઇ મહેતા (રહે.સફલ પ્લાઝા એપાર્ટમેન્ટ, જનસેવા કેન્દ્રની પાસે, નવા નરોડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૩/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૨૩/૩/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ઉપવન બંગ્લોઝ ખાતે આવેલ પોતાના મકાન નંબર-૧૫ ના દરવાજાના તાળા અને નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા:-</u> <u>સમાચાર યાદી નં.૫૮૬/૧૫</u>

**રામોલ** : શશીદેવી રાજુભાઇ તોમર (ઉ.વ.૩૮)(રહે.શક્તિનગર રંગોલીનગર, નારોલ કોર્ટ પાછળ, નારોલ) તા.૨૩/૩/૧૫ બપોરનાં ૨/૪૫ વાગ્યાના સુમારે પતિ સાથે એક્ટીવા પાછળ બેસી સિંધવાઇ સોસાયટીના ઝાંપા નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શશીદેવીનાં ગળામાં હાથ નાંખી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શશીદેવી તોમરે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.

**કાગડાપીઠ** : કામીનીબહેન હેતલકુમાર રાવલ (ઉ.વ.૩૫)(રહે.ઉત્સવ એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ સામે, નવા વાડજ) તા.૨૨/૩/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાંકરીયા ફુટબોલ ગ્રાઉન્ડ નજીક અપ્સરા આરાધના સિનેમા પાસેથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા ત્યારે ઓટોરીક્ષા નંબર જીજે.૨૭. ૧૬૮૩ ના ચાલક તથા રીક્ષામાં બેઠેલ સ્ત્રીએ એક બીજાની મદદગારી કરી કામીનીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કામીનીબહેન રાવલે તા.૨૩/૩/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

<u>વાહનચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૫૮૭/૧૫</u>

**વસ્ત્રાપુરઃ** ભાવીનભાઈ રસીકભાઈ પટેલ (રહે. હરીહર સોસાયટી ગુજરાત વીદ્યાપીઠ પાછળ આશ્રમ રોડ) એ તા.૨૨/૩/૧૫ રાતના ક-૮/૩૦ વાગે સીંધુભવન મન પાર્ટીપ્લોટ નજીક પોતાની હ્યુંડાઈ સેંટ્રો કાર નંબર જીજે ૧ એચડી ૯૪૮૪ કીમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવા કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ભાવીનભાઈ પટેલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કીરીટસીંહ કાનાજી ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૫૮૮/૧૫</u>

**વટવા** : અમૃતભાઇ લક્ષ્મણભાઇ ગોહીલ (રહે.ભોંઇવાસ, જેતલપુર, તા.દસ્ક્રોઇ અમદાવાદ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૩/૧૫ નાં કલાક ૨/૩૪ વાગ્યા પહેલાં નેશનલ હાઇ-વે નં.૮ જેતલપુર ગામ, ચોસર ગામ જવાના રસ્તે ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.યુ.૪૫૫ ને અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી રીક્ષાને ટક્કર મારતાં રિક્ષાના ચાલકને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**દાણીલીમડા** : રાજેશભાઇ હરગોવીંદભાઇ પરમાર(ઉ.વ.૩૫)(રહે.પાંચ પીરની દરગાહની બાજુમાં, આબાદનગરનાં છાપરાં, દાણીલીમડા) એ તા.૨૩/૩/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૩/૧૫ સવારનાં ૮/૦૦ વાગ્યાના સુમારે રાજેશભાઇનાં પિતા હરગોવીંદભાઇ ઘર નજીકથી ચાલતાં રોડ ક્રોસ કરી રહ્યા હતા દરમ્યાન અજાણ્યા કાર ચાલકે પોતાની કાર બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી હરગોવીંદભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૩/૧૫ સવારનાં ૯/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જુવાનસિંગ જીવાજી ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.